# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



તસવીર : કમલેશ શાહ

ગાંધીનગર, તા. ૩૦

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચની વાર્ષિક સાધારણ સભા ગઈકાલે હૉટલ ઘૂંઘટ ખાતે મળી હતી, જેમાં બ્લડ ડૉનેશન તથા સમાજસેવાની પ્રવૃત્તિને વધુ બળવત્તર બનાવવા અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.

સભાની શરૂઆતમાં સભા પ્રમુખ તરીકે પ્રમુખ હિરેનભાઈ શાસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારબાદ સૅક્રેટરી કમલ ચૌધરીએ ગત વર્ષની સાધારણ સભાની કાર્યનોંધ અને ખજાનચી હેમલ કોંઢિયાએ વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબોની નોંધ પ્રસ્તુત કરી હતી. સંસ્થાની બ્લડ ડોનેશનની પ્રવૃત્તિને વધુ બળવત્તર બનાવવા માટે સંસ્થાના સભ્ય સુકેતુભાઈ મહેતાના નેતૃત્ત્વમાં ૧૦ સભ્યોની બ્લડ ડોનેશન સમિતિની રચના કરવામાં આવી હતી.

ગાંધીનગર બ્રાન્ચના પ્રમુખ જયેન્દ્રભાઈ પરીખે પોતાના પ્રવચનમાં સૌને સાથી રહીને સંસ્થાના હેતુઓ મુજબની પ્રવૃત્તિઓ કરતા રહેવાની ભલામણ કરી હતી.

સભા પ્રમુખપદેથી બોલતાં હિરેનભાઈ શાસ્ત્રીએ સંસ્થાના હેતુઓ પારદર્શકતા, તટસ્થતા અને સ્વતંત્રતા મુજબ કાર્યપ્રવૃત્તિ આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને રેડક્રોસના સ્થાપના દિવસે સારી પ્રવૃત્તિ કરનારા નગરજનોને સન્માન આપવા માટે એક સમારોહનું આયોજન કરવાની જાહેરાત કરી હતી. આ માટે આર જી ત્રિવેદીના નેતૃત્વમાં છ સભ્યોની એક સન્માન સમારોહ સમિતિનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સભાના અંતે આભાર વિધિ વાઈસ ચેરમેન જિજ્ઞેશ રાવલે કરી હતી.

# વરસાદના વાંકે નવાં સેક્ટરોમાં રસ્તાઓનું પેવરકામ અટવાયું

## કામ પુનઃ શરૂ કરવા માટે તંત્રએ વિભાગની મંજૂરી માંગી

ગાંધીનગર, તા. ૩૦

શહેરના નવવિકસિત વિસ્તારમાં માર્ગ મજબૂતીકરણનું કામ અટવાયું છે. જેને અનુલક્ષી રહીશોમાં આક્રોશ ભભૂક્યો છે. ચોમાસા દરમિયાન રસ્તાઓનું પેવરકામ બંધ રાખવાનો નિર્ણય લેવાયા બાદ વરસાદ અદશ્ય રહેતા આ મામલે તંત્ર દ્વારા વિભાગ સમક્ષ કામ શરૂ કરવા મંજુરી માંગી છે.

શહેરના નવા સેક્ટરોમાં નિયત સમયગાળાના અંતે આંતરિક માર્ગો ઉબડ-ખાબડ બનતા આમ નાગરિકો માટે સમસ્યા સર્જાઈ છે. સે. ૧ થી ૫ આંતરિક માર્ગોની સ્થિતિ સુધારવા પાટનગર યોજના દ્વારા વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી કરોડોના ખર્ચે નવા સેક્ટરોમાં માર્ગ સુધારણાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન સે. ૧માં આંતરિક માર્ગોનું પેવરકામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે સે. ૨માં 'ડી' વિભાગ સિવાયના રસ્તાઓને પણ નવા રૂપરંગ આપી દેવાયા છે. પરંતુ સેક્ટરોના એપ્રોચ અને મોટર ટ્રેક સિવાયના અન્ય આંતરિક રસ્તાઓનું કામ હજી બાકી છે. સે. ૩, ૪ અને સે. ૫માં આ કામગીરી ચોમાસાને અનુલક્ષી અટકાવી દેવાઈ છે. સે. ૫માં પણ વરસાદની ગેરહાજરી વચ્ચે લાંબા સમયથી માર્ગ નવીનીકરણનું કામ વિલંબમાં પડતા સ્થાનિક રહીશોમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. બીજી તરફ વરસાદી દિવસોને અનુલક્ષી ૩૧ મે પછી પેવરકામ બંધ રાખવાના નિર્ણય બાદ વરસાદ પણ બે મહિનાથી ખેંચાતા તંત્રએ પણ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. આ કામગીરી પુનઃ શરૂ કરવા તંત્ર કક્ષાએથી વિભાગની મંજૂરી પણ માંગવામાં આવી છે.

# 'ઘી'માં ભેળસેળ કરનારા બે વેપારીઓને સજા ભોગવવા આદેશ

ગાંધીનગર, તા. ૩૦

'ઘી'માં વનસ્પતિ અને હળદરની ભેળસેળ કરનાર બે વેપારીઓને કોર્ટે ૬ અને ૯ માસની સજા ભોગવવા આદેશ કર્યો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા અનુસાર ઘી માં ભેળસેળ કરવા બદલ દાખલ થયેલ કોર્ટ ફરિયાદ અન્વયે વિસનગરના બે વેપારીઓને કોર્ટે સજા ભોગવવા હૂકમ કર્યો છે જેમાં મહેસાણા જિલ્લાના વિસનગરના ગોવિંદ ચકલા વિસ્તારમાંથી જગદીશકુમાર માધવલાલ પટેલ પાસેથી ખાદ્ય નિરીક્ષકે ઘી નો નમૂનો લેબોરેટરીમાં મોકલવા માટે લીધા હતા તેમાં વનસ્પતિ અને હળદરની ભેળસેળ જણાય આવતા કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટ દ્વારા આરોપીને આ ગુના માટે તકસીરવાન ઠરાવી ૬ માસની સાદી કેદની સજા તથા રૂ. ૨૫૦૦ નો દંડ અને જો દંડ ના ભરે તો વધુ ૨ માસની સાદી કેદની સજાનો હૂકમ કર્યો છે.

જ્યારે અન્ય એક કિસ્સામાં મહેસાણા જિલ્લાના વિસનગરના ગોવિંદચકલા વિસ્તારમાંથી કનુભાઈ દવાભાઈ પટેલ પાસેથી ખાદ્ય નિરીક્ષકે ઘી નો નમૂનો લેબોરેટરીમાં તપાસાર્થે લેવામાં આવ્યો હતો. તેમાં પણ વનસ્પતિ અને હળદરની ભેળસેળ જણાય આવતા કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં કોર્ટ દ્વારા આરોપીને તકસીરવાન ઠરાવી ૯ માસની સાદી કેદની સજા તથા રૂ. ૨૫૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ૨ માસની સાદી કેદની સજા કરવાનો હૂકમ કર્યો છે.

# ગાંધીનગર શહેર સે. ૬ના વસાહતીઓનો દબાણ અધિકારીઓ સામે રોષ

## પોલીસ સ્ટેશન સામે હોવા છતાં સે. ૬નું દબાણ જૈસે થે...! : દબાણ હટાવતા પહેલાં જ અધિકારીઓ જાણ કરતા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની હરિયાળી છાપને બગાડતું તથા ગુંડા તત્વોનો અડીંગો જમાવતું સેક્ટર-૬નું મેદાન કડિયાનાકુ અને ઝૂંપડપટ્ટીથી ખરડાઈ ગયું છે. સતત બે મહિનાથી સેક્ટર-૬ ની સંઘર્ષ સમિતિ દ્વારા કડિયાનાકુ અને ઝુંપડા હટાવ ઝુંબેશ જોરશોરથી ચલાઈ હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ નક્કર પરિણામ લાવવામાં આવ્યું નથી.

સેક્ટર-૬ના મેદાનમાં છેલ્લા ઘણા સમયથી કડિયાનાકુ ધમધમી રહ્યું છે. પોલીસ સ્ટેશનની બિલકુલ અડીને હોવા છતાં વારંવાર ત્યાં ગુંડાગર્દી અને મારપીટના બનાવો બને છે. તેમ છતાં કોઈ પોલીસ કાર્યવાહી થતી હોય તેવું જણાતું નથી. ગુંડાતત્વોની પોલીસને બીક હોય તેવું સૌના મુખે ચર્ચાઈ રહ્યું છે.

સેક્ટર-૬ની સંઘર્ષ સમિતિએ વારંવાર આ બાબતે તંત્રને જાણ કરી હોવા છતાં કોઈ સુધારો જણાયો નથી. દબાણ હટાવવાની ફરિયાદો કરી તેમ છતાં ટ્રેક્ટર , ટ્રક, જે.સી.બી., છકડા, લારીગલ્લા ત્યાં ના ત્યાં યથાવત છે. આ જ જગ્યાએ માથાભારે તત્વોનો અડીંગો છે. દબાણના અધિકારીઓ ડામોર અને મામલતદાર દત્તની કામગીરી પ્રત્યે શંકા ઉપજે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ચર્ચા એવી છે કે, લારીગલ્લાવાળાઓને અધિકારીઓ અગાઉથી જ જાણ કરી દે છે. જેથી થોડીવાર જે તે જગ્યા ખાલી થઈ જાય છે પછી હતુ તેમનું તેમ...!!!

શહેરના મંદિરો, દુકાનદારોના ઓટલા દબાણમાં દેખાય છે. આટલા મોટા પાયે કડિયાનાકુ ધમધમે છે તો અધિકારીઓને દેખાતું નથી. ટૂંક સમયમાં કડિયાનાકુ હટાવાશે નહીં તો આ બાબતે મુકયમંત્રીને ફરિયાદ કરવામાં આવશે તથા સંઘર્ષ સમિતિ અને સેક્ટર-૬ વસાહતીઓ દ્વારા આંદોલન ચલાવવામાં આવશે તેમ સમિતિના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

# ધોળાકૂવામાં શ્રાવણીયો જુગાર રમતા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસમથકની હદમાં આવેલ ધોળાકૂવા ગામે બે ઈસમો ખુલ્લામાં પાના પત્તાનો જુગાર ટીચી રહ્યા હોવાની ખાનગી બાતમીના આધારે સેક્ટર-૭ પોલીસ મથકના અધિકારીઓએ જુગાર સ્થળે રેડ કરી બે જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ માસ દરમિયાન ઠેર ઠેર ટીચાતા જુગારધામો અને જુગારીયાઓએ પોલીસના માથાનો દુખાઓ વધારી દીધો છે. દરરોજ નાના-મોટા એકાદ-બે જુગારોની પાછળ પોલીસ ભારે વ્યસ્ત બની છે. ગત રોજ જિલ્લાના ચાર સ્થળોએ બનેલા જુગારના બનાવ બાદ આજે ધોળાકૂવા ગામે વધુ એક જુગાર ઝડપાયો હતો. ગાંધીનગર નજીક ધોળાકૂવા ગામે બપોરના સમયે બિન્દાસપણે બે જુગારીયાઓ પાના પત્તાની મહેફીલ જમાવી હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની ખાનગી બાતમી સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ.આઈ. યુ.વી. બારોટને મળતા તેઓએ સ્ટાફના માણસો સંદિપસિંહ અને અન્ય વ્યક્તિઓને સાથે રાખી જુગાર સ્થળે રેડ કરી હતી અને જુગાર રમતા કાનાજી જોયતાજી ઠાકોર તથા પંકજ રમેશજી ઠાકોર (બન્ને રહે. ધોળાકૂવા ગામ)ને ઝડપી પાડી તેમની પાસેથી કુલ રોકડ રમક ૨૫૧૭ કબજે કરી હતી. આ અંગે સેક્ટર-૭ પોલીસમથકના પી.એસ. આઈ. યુ.વી. બારોટે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે માહિતી ખાતાના કર્મયોગીઓના આંદોલનનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકારની પ્રજાલક્ષી કામગીરીને વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડીને સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી કરતા માહિતી ખાતાના વર્ષો જૂના અને વણઉકેલ્યા પ્રશ્નોને કારણે આ ખાતું જ સમસ્યાગ્રસ્ત થઈ ગયું છે. આના કારણે ખાતાના અધિકારીઓ-કર્મચારીઓએ તેઓના પ્રશ્નોના ઉકેલ માટે નાછૂટકે આંદોલનનો આશરો લેવો પડ્યો છે. આજથી માહિતી ખાતાના અધિકારીઓ-કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી સમગ્ર દિવસ દરમિયાન નિષ્ઠાપૂર્વક ફરજો બજાવી હતી. રાજ્યની તમામ જિલ્લા માહિતી કચેરીઓમાં પણ માહિતી ખાતાના કર્મયોગીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી દિવસ દરમિયાન પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

માહિતી ખાતાના કર્મયોગીઓ દ્વારા શરૂ કરાયેલ આ આંદોલનના ભાગરૂપે આગામી દિવસો દરમિયાન તા. ૩જી ઓગષ્ટથી તા. ૭મી ઓગષ્ટ દરમિયાન વર્ક ટુ રૂલ, તા. ૮મી ઓગષ્ટે પેન ડાઉન જેવા કાર્યક્રમો મંડળ દ્વારા આપવામાં આવ્યા છે. પ્રશ્નોનો નિવેડો નહીં આવે તો તમામ અધિકારીઓ-કર્મચારીઓ તા. ૯મી ઓગષ્ટના રોજ ચોવીસ કલાકની રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવશે. તા. ૧૩મી ઓગષ્ટ અને તા. ૧૪મી ઓગષ્ટના રોજ સુત્રોચ્ચાર કરવામાં આવશે. તા. ૧૫મી ઓગષ્ટના રોજ ગાંધીનગર ખાતે મહામંડળના સમાંતર ધ્વજવંદનના કાર્યક્રમમાં હાજરી આપી માહિતી ખાતાના તમામ અધિકારી-કર્મચારીઓની ખાસ સાધારણ સભા બોલાવવામાં આવી છે. ત્યારબાદ તા. ૧૭મી ઓગષ્ટથી ૨૦મી ઓગષ્ટ દરમિયાન મંડળના હોદ્દેદારો સહિત અધિકારી-કર્મચારીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે અને છેલ્લે તા. ૨૧-૮-૨૦૧૨ના દિવસથી ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળના પ્રમુખ શ્રી દિનેશ ચૌહાણ દ્વારા આમરણાંત ઉપવાસ કરાશે અને તેમના ટેકામાં ખાતાના કર્મયોગીઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવશે, તેમ શ્રી મયુરભાઈ શાહ અને શ્રી દિનેશ ચૌહાણની સંયુક્ત યાદીમાં જણાવાયું છે.

# દીકરો અગર વારસ છે તો દીકરી પારસ છે એ ન ભૂલવું જોઈએ

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com



'દીકરો અગર વારસ છે તો દીકરી પારસ છે એ ન ભૂલવું જોઈએ. વંશવેલ માટે દીકરો જેટલો જરૂરી છે એટલી જ દીકરી પણ જરૂરી છે.'

આ શબ્દો છે રવિના નામની ગરવી દીકરીના પિતા કીર્તિભાઈ ભાવસારના. કીર્તિભાઈનાં પત્ની કૈલાસબેનની પોતાની દીકરી માટેની લાગણી આવી જ કંઈક છે. તેઓ કહે છે, 'દીકરી પરિવારને એક તાંતણે બાંધી રાખે છે. દીકરી અભ્યાસની સાથે સાથે ઘરકામ પણ કરે છે અને છતાં શ્રેષ્ઠ પરિણામ લાવીને બતાવે છે.'

કીર્તિભાઈ ભાવસાર અભય ડેકોરેટર્સ ખાતે એકાઉન્ટ શાખાના કર્મચારી છે અને કૈલાસબેન પેથાપુર ચાર રસ્તા ખાતે દાબેલી, પુલાવ, ભાજીપાંઉની લારી ચલાવે છે. આમ, પતિ-પત્ની બંને પગભર છે અને સાથે મળીને પરિવારને આર્થિક સહાય કરે છે.

બંનેનાં લગ્ન થયાં ૧૯૮૫માં અને દીકરીનો જન્મ થયો ૧૯૯૧માં. જે હાલ અમદાવાદ ખાતે કે એસ સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ ખાતે એમએસસી-આઈટીનો અભ્યાસ કરી રહી છે. કોમ્પ્યુટર તાલીમમાં એનટીએસનું પ્રમાણપત્ર પણ રવિના ધરાવે છે. તેને ચિત્રકલા, નેચર ફોટોગ્રાફી અને ગરબાનો ખૂબ શોખ છે. અને હા, પીઝા ખાવા અને પતંગ ચગાવવા પણ તેને ખૂબ ગમે છે.

કીર્તિભાઈએ તો દીકરીના જન્મ સમયે 'લક્ષ્મીનો અવતાર' કહીને દીકરીને વધાવી હતી, તો કૈલાસબેન પણ દીકરીને જ પોતાની સાચી મિલકત અને વારસ ગણે છે.

આ દંપતિ કબૂલ કરે છે કે પોતાની આર્થિક સ્થિતિ બહુ સારી ન હોવાને કારણે પોતે ક્યાંક દીકરીની સઘળી જરૂરિયાતો પૂર્ણ કરવામાં સક્ષમ નથી રહ્યા, પરંતુ તેમ છતાં દીકરીએ ક્યારેય આ બાબતે ફરિયાદનો એક હરફ સુધ્ધાં નથી ઉચ્ચાર્યો એવું પણ તેઓ સ્વીકારે છે.

પોતાના અનુભવના આધારે કીર્તિભાઈ જણાવે છે કે દીકરી અત્યંત લાગણીશીલ હોય છે. માતા-પિતાનાં હૃદયની વાત તે તરત સમજી જાય છે. વળી, દીકરી એટલી કાબેલ હોય છે કે સાસરીપક્ષ અને પિયરપક્ષ બંને વચ્ચે સમતુલા જાળવીને બંનેને સાચવી શકે છે.

દીકરીની સઘળી જરૂરિયાતો પૂર્ણ નથી કરી, પણ એના અભ્યાસ વિષયક કોઈપણ જરૂરિયાત બાકી ન રહી જાય એનુંય આ દંપતિએ બરાબર ધ્યાન રાખ્યું છે, જેનો બદલો પણ દીકરીએ બરાબર આપ્યો છે. રવિના જ્યારે આઈટીમાં ફર્સ્ટ ક્લાસ સાથે ગ્રેજ્યુએટ થઈ ત્યારે દંપતિની આંખોમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં.

કૈલાસબેનનો મત છે કે આજે દરેક ક્ષેત્રમાં દીકરી આગળ છે. જો દીકરી ભણીગણીને પગભર થશે તો તેની આવનારી પેઢી પણ યોગ્ય દિશામાં જ જશે. અમે તો દીકરીના જન્મ સમયે જ નક્કી કરી લીધું હતું કે એને આપવા માટે પૈસા ભલે અમારી પાસે ઓછા હોય, પણ સંસ્કાર અને તાલીમમાં અમે કોઈ કમી નહીં રાખીએ. અને અમે સદનસીબ છીએ કે અમારી દીકરીએ પણ આ બાબતો બરાબર ઝીલી છે અને અમને ગૌરવ અપાવ્યું છે.

જેમના પણ ઘરમાં દીકરી છે એમને મંદિર જવાની જરૂર નથી, દીકરીની યોગ્ય પરવરિશ જ એમને મંદિર જવાનું પુણ્ય આપે છે.

કોમ્પ્યુટર ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી વેબ ડિઝાઈનીંગનો વ્યવસાય શરૂ કરવાની મહેચ્છા ધરાવતી રવિના એક સંવેદનશીલ દીકરી છે. એ જણાવે છે, 'મારા મમ્મી-પપ્પાએ મારા માટે જે તકલીફો વેઠી છે એ હું ક્યારેય ભૂલી શકું એમ નથી. મારા માતા-પિતા જગતના શ્રેષ્ઠ માતા-પિતા છે. દીકરા માટે ભોગ આપતા ને એને સારી રીતે ઉછેરીને ભણાવતા-ગણાવતા માતા-પિતા મેં ઘણા જોયા છે પણ મારા માતા-પિતા એ મહાન જીવો છે જેમણે પોતાની એકની એક દીકરીને પણ દીકરા કરતાં જરાય કમ નથી ગણી ને એનેય એટલું જ મહત્ત્વ આપ્યું છે. હવે એમના માટે કંઈક કરી છૂટવાનો વારો મારો છે. મારો અભ્યાસ પૂર્ણ કરી વ્યવસાયમાં ઉચ્ચ નામ ને દામ કમાઈ એમને ગૌરવ અપાવવા હું પ્રતિબદ્ધ છું. મારા માતા-પિતા એવા પ્રેમાળ છે કે એમના માટે હું જે કાંઈ કરું એ ઓછું જ છે.'

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫

કૉકટેલ : ૪.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ગટ્ટુ : ૧૦.૦૦

કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫

બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫

આલાપ : ૫.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હૈ હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫

આઈસ એજ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૨ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૭.૧૫

: સ્ક્રીન-૪ :

કયા સુપર કુલ હૈ હમ : ૧૦.૩૦

કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫

ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કયા સુપર કુલ હૈ હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા જયેશભાઈ દવે, ૧૨૫૮/બી/૧, સેકટર-૩,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા સંજયભાઈ પંડ્યા, બી-૧ ટાઈપ, બ્લોક નં. ૧૪૨/૫, ખાતે શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી નવી નોટો રૂપિયાના હિંડોળા.
- પ્રગતિ લારી-પાથરણા મંડળ દ્વારા મીનાબજાર- જૂના સચિવાલય, મેલડી માતાના મંદિર પાસે, સુંદરકાંડ પાઠનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિમાં વધારો થશે. વેપાર-ધંધામાં પ્રગતિકારક સમય બની રહેશે. વિશેષ કાર્ય માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકશે.

**વૃષભ** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. ગ્રાહકોથી મધુર સંબંધ બનશે. સુખ- સમૃદ્ધિ વધવાથી અનેક અટકેલા કાર્ય સમય પર પૂર્ણ થઈ શકશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. નવી યોજનાઓ પર કાર્ય આજે થઈ શકશે નહી. જીવનમાં નિરાશાનો આભાશ થઈ શકે છે.

**કર્ક** : નોકરીમાં ઉચ્ચ અધિકારીઓથી વિવાદ ન થાય તેની કાળજી રાખવી. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્ર વિકસિત થશે.

**સિંહ** : માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકશે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કન્યા** : કર્મક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય સફળતા પ્રદાન કરશે. ધર્મ આધ્યાત્મ સંબંધઈ વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થઈ શકશે. કુટુંબીજનો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકશે.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરી શકશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું.

**વૃશ્ચિક** : કોર્ટ-કચેરીની બાબતોમાં વિવાદોનો ઉકેલ આવશે. નિર્ણય લેવામાં દુવિધા થશે. વાયુનીતકલીફ થઈ શકે છે.

**ધન** : સામાજિક- રાજકીયક્ષેત્રે સુખ- સુવિધા, પદ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકશે. વાહન સુખનો ઉત્તમ યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકે છે. વિશેષ ખર્ચ થવાની સંભાવના.

**મકર** : મનોકૂળ કાર્ય થવાની શક્યતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધાઓમાં વધારો થઈ શકશે.

**કુંભ** : આમોદ -પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થઈ શકે છે. અનુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે. કૌટુંબિક મતભેદો ન વધે તેની કાળજી લેવી.

**મીન** : કુટુંબીજનો અને મિત્રોનો સહકાર મળવામાં દેર થઈ શકે છે. વેપાર- વ્યવસાયમાં દિવસ મધ્યમ રહે તેની સંભાવના છે. ખર્ચ વધુ નથાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. તખુબા નાથુજી ગોહિલ (ઉ.વ.૯૦) મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ બક્ષીભાઈ સોની (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૨૩૫/૧, સેકટર-૪એ, ગાંધીનગર.
- સ્વ.પુરૂષોત્તમ ચતુરદાસ પટેલ (ઉ.વ.૮૨) પ્લોટ નં.૬૪૫/૧, સેકટર-૫બી, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રશંકર ભાઈશંકર દવે (ઉ.વ.૭૯) પ્લોટ નં. ૭૮૪/૧, સેકટર-૨સી, ગાંધીનગર